કોંગ્રેસ મુક્ત ભારત નિર્માણ કરીએ : નરેન્દ્ર મોદી

કોંગ્રેસના નેતૃત્વમાં છેલ્લા ૧૦ વર્ષ સૌથી ખરાબ રહ્યા : ગોવામાં વિજય સંકલ્પ રેલીમાં મોદીના તેજાબી પ્રહાર : માઈનીંગ સેક્ટરમાં પારદર્શકતા લવાશે : ભાજપની ઈમાનદારી સામે પ્રશ્નો કરી રહેલા લોકોની ટીકા : મુસ્લિમોની ધરપકડ ન કરવાની વાત થઈ રહી છે

પણજી,તા. ૧૨

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે ગોવામાં વિજય સંકલ્પ રેલીમાં પરંપરાગત રીતે જ કોંગ્રેસ ઉપર આક્ષેપોનો મારો ચલાવ્યો હતો અને કહ્યું હતું કે, કોંગ્રેસના નેતૃત્વમાં છેલ્લા ૧૦ વર્ષ દેશ માટે સૌથી નિરાશાજનક અને ખરાબ રહ્યા છે. આના કારણે દેશ ઘણા વર્ષો પહેલામાં જતો રહ્યો છે. તેમણે કહ્યું હતુંકે, રાજીવ ગાંધીએ પણ વર્ષો પહેલા વારંવાર કહ્યું હતું કે,ભારત ૨૧મી સદીમાં જઈ રહ્યું છે પરંતુ ૨૧મી સદીમાં લઈ જવા માટે કોંગ્રેસે એકપણ કામ કર્યું નહતું. મોદીએ કહ્યું હતું કે, લોકો કોંગ્રેસ મુક્ત ભારતની ઈચ્છા ધરાવે છે. પણજીના પરાવિસ્તારમાં વિજય સંકલ્પ રેલીમાં ઉપસ્થિત રહેલા મોટી સંખ્યામાં લોકોને સંબોધતાં મોદીએ કહ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષમાં ઘણા અપમાન સહન કરવાની ફરજ પડી છે. ભાવ વધારા, બેરોજગારી અને ભ્રષ્ટાચારને રોકવામાં યુપીએ સરકારને સફળતા મળી નથી. મોદીએ જ્યારે ગોવામાં કોર્ટ દ્વારા માઈનીંગની પ્રક્રિયાને રોકવામાં આવી ત્યારે પણ આ સંદર્ભમાં કોઈ પગલા લીધા નહતા. રોજગારીની યુવાનોને તક આપવામાં આવી નથી. મોદીએ કહ્યું હતું કે, ભાજપ માઈનીંગ સેક્ટરમાં પારદર્શકતા લાવશે અને પર્યાવરણનું રક્ષણ કરશે. માઈનીંગને દેશ માટે વિકાસના એન્જિન તરીકે ઉપયોગ

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૦૩ | ૧૩ જાન્યુઆરી, ૨૦૧૪, સોમવાર; પોષ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

અજાણતા ખુલ્લા રહી ગયેલા બારણામાંથી જ ક્યારેક અચાનક સુખનો પ્રવેશ આહલાદક હોય છે
- ગુલઝાર

પવનના સુસવાટાથી ગાંધીનગર ઠંડુગાર

રવિવારનો દિવસ ઠંડો રહ્યો : લઘુત્તમ તાપમાન ૮.૫ ડિગ્રી : પવન ૨૩ કિલોમીટરની ઝડપે ફુંકાયો : જનજીવન પર ઘેરી અસર

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં ઠંડા પવનોનો આતંક સતત ત્રીજા દિવસ રહ્યો હતો. આખો દિવસ ફુંકાયેલા ઠંડા પવનોના કારણે મહત્તમ તાપમાન ૨૪ ડિ.સે. નોંધાયું હતું જ્યારે પવનની ઝડપ ૨૫ કિ.મી. રહી હતી.

ઠંડીના વધુ એક રાઉન્ડમાં ગાંધીનગરાઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. લઘુત્તમ તાપમાન ૮.૫ ડિ.સે. નોંધાયું છે. જો કે પવનની ગતિના કારણે ઠંડીનો અહેસાસ વધુ થતો હતો. ઘરના બારી બારણા બંધ રાખવા પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. આખો દિવસ અને રાત વાતાવરણમાં ઠંડુ રહ્યું હતું. પવનની ગતિ ૨૦થી ૨૫ કિ.મી. જેટલી રહેતા મહત્તમ તાપમાન પણ ઓછુ રહ્યું હતુ. આજે મહત્તમ તાપમાન ૨૪.૦ ડિ.સે. રહ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૮.૫ ડિ.સે. રહ્યું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૫ ટકા અને સાંજે ૪૧ ટકા રહ્યું હતું.

ઉત્તરભારતના રાજ્યોની સાથે-સાથે અમદાવાદ સહિત ગુજરાતમાં પણ લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. ઉત્તરપૂર્વીય રીતે ફુંકાઈ રહેલા પવનોના પરિણામ સ્વરૂપે વહેલી સવારમાં અને સાંજે લોકોને તીવ્ર ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આજે અમદાવાદમાં સવારથી જ લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો જેથી લોકો ગરમ વસ્ત્રોમાં જોવા મળ્યા હતા. બીજી બાજુ ઉતરાયણ આડે ગણતરીના

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : દિપક જાની)

સતત બદલાતા હવામાનથી વાઈરલ રોગના ભરડામાં જનજીવન અટવાયું

૨૦૧૩માં ૩ લાખથી વધુ લોકોને તાવ અને વાયરસની બિમારી જણાઈ છે !!!

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં સતત બદલાતા રહેલા હવામાનને કારણે ૨૦૧૩ના વર્ષમાં વાયરલ બિમારીનો ભરડો સતત છવાયેલો રહ્યો હતો. જો કે ચાલુ વર્ષે પણ આ સ્થિતિ સતત ચાલુ રહે તેની ચિંતા આરોગ્ય તંત્રને સતાવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૦૧૩માં તાવની ફરિયાદને પગલે આ વખતે ૩ લાખ ૧૦ હજાર જેટલી સ્લાઈડો બ્લડની મેળવાઈ હતી. જે વર્ષ ૨૦૧૨ની તુલનામાં ૩૦ હજાર જેટલી વધારે હતી. આ બ્લડ સેમ્પલની સંખ્યા જ બતાવે છે કે જિલ્લામાં બિમારીનું પ્રમાણ કેટલુ છવાયેલું રહેવા પામ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

કટીંગ કરેલું દૂધ નાની ડેરીઓમાં વેચી દેવાતું..!

દૂધ કૌભાંડની તપાસ માટે પોલીસ ખેરાલુ પહોંચી : ખેરાલુમાં દૂધ કટીંગ કરનાર વિષ્ણુ માથાભારે : લુંટ જેવા ગંભીર ગુનાઓ પણ તેની સામે નોંધાયા છે : વિષ્ણુ પકડાય તો મોટુ રેકેટ બહાર આવે તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૧૨

બનાસડેરીમાંથી મધર ડેરી સુધી દૂધ ભરીને મોકલવામાં આવતા સીલબંધ ટેન્કરમાંથી રસ્તામાં દૂધ કટીંગ કરી અડધોઅડધ પાણી ભરીને ડેરીમાં દૂધ જમા કરાવવાના પકડાયેલા કૌભાંડે ચકચાર મચાવી દીધી છે. આ ગુનામાં પકડાયેલો ડ્રાઈવર માત્ર હાથો હોવાની શક્યતા છે. આ કૌભાંડની ઉંડી તપાસમાં ખેરાલુનો શખ્સ વિષ્ણુ ઠાકોર ઝડપાય તો મસમોટુ આયોજનબદ્ધ ચાલતુ રેકેટ બહાર આવે તેવી શક્યતા છે. ખેરાલુમાં દૂધ કટીંગ કરનાર વિષ્ણુ ઠાકોર સામે લુંટ સહિતના ગંભીર ગુનાઓ પણ નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું છે. આ કટીંગ થયેલું દૂધ નાની-નાની ડેરીઓમાં વેચી દેવામાં આવતું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

ખેરાલુમાં વિષ્ણુ ઠાકોર ૧૦ હજાર લીટર દૂધ મોટર વડે સીલબંધ દૂધના ટેન્કરમાંથી કાઢ્યું હતું. જેના પેટે ડ્રાઈવરને રૂ. ૧૫ હજાર આપવામાં આવ્યા હતા. ડ્રાઈવર પાસે રૂ. ૫ હજાર રહ્યા હતા જ્યારે ફરાર થઈ ગયેલો ક્લીનર હરેશ બીજા રૂ. ૧૦ હજાર લઈ ગયો છે. અડાલજ પીએસઆઈ આ કૌભાંડની તપાસ માટે આજે ખેરાલુ પહોંચી છે. જો કે મુખ્ય સુત્રધાર વિષ્ણુ ઠાકોર મળી આવ્યો નથી. વિષ્ણુ સામે લુંટ જેવા ગંભીર ગુનાઓ પણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું છે. આ માથાભારે શખ્સ પોતે જ આ રેકેટ ચલાવતો હતો કે તે પણ કોઈના ઈશારે કામ કરતો હતો? ને ઉપરાંત આ કૌભાંડમાં કોણ કોણ સામેલ છે તે સહિતની તપાસ ચાલી રહી છે. વિષ્ણુ પકડાય ત્યાર બાદ મોટુ રેકેટ પકડાય તેવી શક્યતા વર્તાઈ રહી છે. વિષ્ણુ કટીંગ કરેલુ દૂધ નાની-નાની ડેરીઓમાં વેચી નાંખતો હોવાનું તપાસના પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે.

ઓનલાઈન રીકન્સીલેશન કામગીરી માટે સમિતિની રચના

ગાંધીનગર, તા. ૧૨

રાજ્ય સરકારના વિભાગોની રીકન્સીલેશનની કામગીરી માટે અને તેનો અભ્યાસ કરીને અહેવાલ તૈયાર કરવા માટે નાણાં વિભાગના ઉપસચિવના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી છે.

રાજ્ય સરકારના કેટલાક વ્યવહારો કે જેની એ.જી. કચેરી દ્વારા એન્ટ્રી કરવામાં આવે છે. તેવા વ્યવહારોનું આઈએફએમએસમાં સમાવેશ કરવા તેમજ ઓનલાઈન રીકન્સીલેશન કરી ઓનલાઈન ટ્રાન્સફર એન્ટ્રી માટેની સ્કીન આઈએફએમએસમાં ઉપલબ્ધ કરવા માટે એક કમિટીની રચના કરવામાં આવી છે.

નાણાં વિભાગના ઉપસચિવ (બજેટ) તેજસ એચ. સોનીના અધ્યક્ષપદે રચવામાં આવેલી આ સમિતિમાં રાજકોટ એ.જી. કચેરીના

● અનુસંધાન પાન-૭ પર

ઉત્તરાયણ નિમિત્તે -ચિલોડા ખાતે પતંગ બજાર ધમધમી ઉઠ્યું - ગાંધીનગર તાલુકાનું એક માત્ર ઉપનગર તરીકે જાણીતુ ચિલોડા મોટા ખાતે દર વાર-તહેવારની ઉજવણી કરવા માનવ મહેરામણનું કિડિયારુ ઉભરાય છે. ૧૪મી જાન્યુઆરી મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે ચિલોડા ખાતે દર વર્ષની પરંપરા મજુબ ચિલોડા-એપ્રોચ રોડની દુકાનોની નજીક પતંગ-દોરી વેચાણ કેન્દ્રની હાટડીઓ મંડાઈ ચુકી છે. આમ અસંખ્ય પતંગ દોરીના મંડપોના વેચાણ વિક્રેતા લાખો રૂપિયાના પતંગો-દોરીનો માલ લાવી ભારે વેચાણ કરવા તત્પર બન્યા છે. પતંગોત્સવ માણવા રંગબેરંગી પતંગો અને વિવિધ જાતની દોરી રંગાવવા પતંગરસિકો મનમુકીને ઉમટી પડ્યા છે. જે દોરી રંગકામનું કામ કરવા અમદાવાદથી દોરી પવડાવનાર નિષ્ણાંતો રંગબેરંગી લુંદી બનાવી રહ્યા છે. આમ ચિલોડા બજારમાં પતંગરસિકો માટે ગોગલ્સ કેપ, બ્યુગલનું વેચાણ-ગલ્લા ધમધમી રહ્યા છે. આમ ઉત્તરાયણ પૂર્વે ચિલોડા બજાર અનેક લોકો ઉમટી પડતા એક અનોખુ બજારના દૃશ્યો જોવા મળે છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

NEWS બિટ્સ

હું પીએમ પદની રેસમાં નથી : શરદ પવાર

ગૃહ મંત્રી શિંદેએ ગઈ કાલે એક નિવેદનમાં એવું જણાવ્યું હતું કે એનસીપીના નેતા શરદ પવાર પ્રધાનમંત્રી બને તો તેમને આનંદ થશે. આ નિવેદનના પ્રતિ ઉત્તરમાં શરદ પવારે આજે કહ્યું હતું કે તેઓ શિંદેની લાગણીઓનો આદર કરે છે પરંતુ તેઓ પ્રધાનમંત્રી પદની રેસમાં નથી.

ચેતન ભગતની ટીવી સીરીઝનો એબીપી ન્યુઝ ચેનલ પરથી પ્રારંભ

લોકસભાની ચુંટણીની વધી રહેલી ગતિવિધિઓની વચ્ચે દેશનાી અગ્રગણ્ય ન્યુઝ ચેનલ એબીપી ન્યુઝ પરથી આજથી નવી પોલીટીકલ ટીવી સીરીઝ '૭આરસીઆર'નો પ્રારંભ થઈ રહ્યો છે. જાણીતા લેખક ચેતન ભગત આ નવી ટીવી સીરીઝ ૭ કેસકોડ રોડનું સંચાલન કરશે. અગાઉ આ ચેનલ પરથી રજુ થયેલી પોલીટીકલ સીરીઝ 'પ્રધાનમંત્રી' ખુબ જ લોકપ્રિય થઈ હતી.

સબસીડીવાળા સિલિન્ડરોની સંખ્યા ૧૨ થઈ શકે છે

દેશના સામાન્ય માનવીને રાહત આપવા માટે રાજકીય પક્ષો હવે તત્પર બની રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે આમ આદમીને ખુશ કરવા માટે પેટ્રોલીયમ મંત્રી વિરપ્પા મોઈલીએ સંકેત આપ્યો છે કે સબસીડીવાળા ગેસ સિલિન્ડરોની સંખ્યા ૧૨ થઈ શકે છે અને તેના ભાવો પણ ટુંક સમયમાં ઘટી શકે છે.

ધર્મનું આચરણ અને નિષ્ઠા ભરી મહેનત નિરોગી બનાવે જ

ઉનાવા ગામે શતાયુ પૂર્ણ કરતા દંપતિ જીતાબા અને પ્રાણદાદાનો શતાયુ પર્વ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૨

જીવનમાં ધર્મનું આચરણ અને સાચી શ્રધ્ધાપૂર્વકની મહેનત શરીરને નિરોગી બનાવે છે તેમજ લાંબુ આયુષ્ય પણ પ્રાપ્ત થાય છે તેમ ઉનાવાના જીતાબા એ શતાયુ વંદના પ્રસંગે પરિવારના સભ્યોને શીખ આપી હતી.

આજની કેળવણી કરતાં ગાયકવાડની કેળવણી સોથી શ્રેષ્ઠ હતી : શતાયુ પ્રાણદાદા

ગાંધીનગરથી ૧૫ કી.મી.ના અંતરે આવેલા ઉનાવા ગામે હરીભાઈ પટેલ પરિવારના પ્રાણદાદા અને જીતાબા નામના યુગલે જન્મ શતાબ્દીની ઉજવણી કરી છે. આ પરિવારના સૌ વડીલો આજે હાજર રહ્યા હતા. ઉનાવા ગામે પણ આનંદનો માહોલ છવાયેલો જોવા મળતો હતો.

શતાયુ પૂર્ણ કરનાર જીતાબાએ જણાવ્યું કે આજે અધર્મનું પ્રભુત્વ વધ્યું છે.ધર્મમાં ઉપવાસ આવે અને સંયમી જીવન જીવવાની વાત છે. આ બે પાયાના સૂત્રો ભૂલાતા જાય છે. આપણે ત્યાં પેલી પંકિત પ્રચલિત હતી 'વહેલા ઉઠે વીર, બળ બુધ્ધિને ધન વધે સુખમાં રહે શરીર.' આજે વહેલા ઉઠવું કોઈને ગમતું નથી.

તેમણે કહ્યું કે વહેલા ઉઠવું, વહેલું જમવું અને વહેલું પરવારવું એ શરીરની સ્ફૂર્તિ માટે જરુરી છે. તેમણે જણાવ્યું કે ઉપવાસ કરવાથી પેટને રાહત રહે અને પેટને લઈ થતા રોગો અટકે છે.મહેનત પણ નિષ્ઠા અને ખંતથી કરેલી હોય તો તેનો આનંદ જુદો હોય છે.

જીતાબા એ જણાવ્યું હતું કે મહિલાઓ જ ઘરને સાચવે અને પતિ શેરીને સાચવે પછી જુઓ કેવી મઝા આવે છે. તેમણે જણાવ્યું કે નાની વયે લગ્ન કરી આવ્યા પણ સંઘર્ષમાં જીવન કંડારવાની મઝા બહુ આવી અને

● અનુસંધાન પાન-૭ પર